## Visit of External Affairs Minister to the United States of America (April 11-12, 2022)

યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકાની વિદેશ મંત્રીની મુલાકાત (એપ્રિલ 11-12, 2022)

એપ્રિલ 07, 2022

ડૉ. એસ. જયશંકર, વિદેશ મંત્રી, તા. 11-12 એપ્રિલ 2022 દરમિયાન યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકાની મુલાકાત લેશે.

રક્ષા મંત્રી શ્રી રાજનાથ સિંહ અને વિદેશ મંત્રી, વોશિંગ્ટન ડી.સી.માં 11 એપ્રિલ 2022ના રોજ ચોથા મંત્રી સ્તરીય ભારત-યુ.એસ. 2+2 સંવાદમાં વોશિંગ્ટન ડીસી ખાતે ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરશે. યુએસ પ્રતિનિધિમંડળનું નેતૃત્વ સેક્રેટરી ઓફ સ્ટેટ એન્ટોની બ્લિંકન અને સેક્રેટરી ઓફ ડિફેન્સ લ્યોડ ઓસ્ટિન કરશે.

આ સંવાદ બંને પક્ષોને વ્યૂહાત્મક માર્ગદર્શન અને સંબંધોને વધુ મજબૂત કરવા માટે રણનીતિક માર્ગદર્શન અને દ્રષ્ટિ પ્રદાન કરવાના ઉદ્દેશ્ય સાથે વિદેશ નીતિ, સંરક્ષણ અને સુરક્ષા સંબંધિત ભારત-યુએસ દ્વિપક્ષીય કાર્યસૂચિમાં અગત્યના અને અસર કરતા મુદ્દાઓની એક ઘનિષ્ઠ સમીક્ષા હાથ ધરવામાં સક્ષમ બનાવશે.

2+2 સંવાદ મહત્વપૂર્ણ પ્રાદેશિક અને વૈશ્વિક વિકાસ અને સામાન્ય હિત અને ચિંતાના મુદ્દાઓને ઉકેલવા માટે આપણે કેવી રીતે સાથે મળીને કામ કરી શકીએ તેના વિશે વિચારોની આપ-લે કરવાની તક પણ પ્રદાન કરશે.

ચાલુ અને નિયમિત સંવાદના ભાગરૂપે, વિદેશ મંત્રી તેમના યુએસ સમકક્ષ સેક્રેટરી બ્લિંકનને અલગથી મળશે.

ભારત-યુ.એસ. ઘનિષ્ઠ વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારીને વધુ આગળ વધારવા માટે વિદેશ મંત્રી યુએસ એડમિનિસ્ટ્રેશનના વરિષ્ઠ સભ્યોને પણ મળવાના છે.

નવી દિલ્હી
એપ્રિલ 07, 2022

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.